107

ગુજરાત બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતેની સચિવની જગ્યા એબેયન્સમુક્ત કરવા બાબત.

## ગુજરાત સરકાર
## સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
## ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ
## સચિવાલય, ગાંધીનગર.
## તા.૧૪.૧૧.૨૦૧૯

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ, તા.૩૧.૦૧.૨૦૧૩, તા.૩૦.૦૫.૨૦૧૩, તા.૨૮.૦૨.૨૦૧૪, તા.૨૨.૦૪.૨૦૧૫, તા.૧૯.૦૩.૨૦૧૬, તા.૨૮.૦૩.૨૦૧૭ તથા તા.૨૮.૦૨.૨૦૧૮.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ, તા.૩૦.૦૧.૨૦૧૯.

(૩) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંક: એઆઇએસ/૩૬.૨૦૧૯/૨૭(૧)/ગ, તા.૨૯.૦૮.૨૦૧૯.

(૪) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૦૪.૧૦.૨૦૧૯નો પત્ર ક્રમાંક: બાઅસં/૧૦૨૦૧૩/૩૨/મહેકમ/૨૦૧૯.

**આમુખ :-**

ભારત સરકારના ધ કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪થો) ની કલમ-૧૭માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર રાજ્યમાં કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની રચના કરવામાં આવેલ છે. તદઅન્વયે વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) ના ઠરાવોથી આવશ્યક

મહેકમ મંજૂર કરવામાં આવેલ તથા વખતોવખત મંજૂર થયેલ જગ્યાઓની મુદત વધારવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) ના ઠરાવથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર ખાતેની મંજૂર થયેલ કુલ-૧૨ (બાર) હંગામી જગ્યાઓના મહેકમની મુદ્દત તા.૨૯.૦૨.૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. સદર કુલ-૧૨ જગ્યાઓના મહેકમ પૈકી સચિવની ૧(એક) જગ્યા તા.૦૧.૧૧.૨૦૧૭ થી ખાલી અને ત્યારબાદ તા.૨૮.૦૮.૨૦૧૯ સુધી ચાર્જની સોંપણીથી ભરાયેલ હોઇ એબેયન્સમાં મુકવામાં આવેલ.

વંચાણે લીધેલા ક્રમાંક: (૩)ના સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતે સચિવ તરીકે શ્રી પી. બી. ઠાકરની નિમણૂંક થતાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક: (૪) થી બાળ આયોગ ખાતેની સચિવની જગ્યા એબેયન્સમુક્ત કરી પુન:જીવિત કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

વંચાણે લીધેલા ક્રમાંક: (૩) તથા ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના વંચાણે લીધેલા ક્રમાંક: (૪)ની દરખાસ્ત ધ્યાને લઇ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતેની સચિવની જગ્યાને તેમને સુપ્રત કરાયેલ નિયમોને આધીન સત્તાઓ અને ફરજો, ખાતાના વડા તરીકેની સત્તાઓ અને કામગીરી તથા હિસાબી, વહીવટી બાબતોની ફરજો ધ્યાને રાખી એબેયન્સમુક્ત કરી પુન:જીવિત કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૧.૧૧.૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.